# જીવન ઝરમર

મહેસાણા જિલ્લાના વિજાપુર તાલુકાના માઢી ગામે તા. ૧-૬-૧૯૭૧ના રોજ મારો જન્મ થયો હતો. મારો જન્મ થયો ત્યારે તંદુરસ્ત બાળક હતો. પરંતુ બે વર્ષનો થયો ત્યારે સખત તાવ આવ્યો, મને દવાખાને દાખલ કરવામાં આવ્યો. અઠવાડીયા સુધી તાવ ઉપર કાબુ આવ્યો નહિં. અઠવાડીયા પછી મારૂં જમણું અંગ પકડાઈ ગયું. પછી ડાબું અંગ પકડાઈ ગયું. કમરથી નીચેના ભાગે લોહીનું પરિભ્રમણ મંદ પડી ગયું. મારાથી ઉભા થઈ ફરી શકાયું નહિં. ઘણી બધી દવાઓ , કસરતો કરવા છતાં મારા શરીરમાં કોઈ ફેરફાર થયો નહિ. મારા મા-બાપે જમીન ગિરવે મૂકીને દવાઓ કરાવી હતી. મારા પિતાજી નાના ખેડૂત હતા. વિધિની વક્રતાએ મને બંને પગે અપંગ બનાવ્યો, અને મારા કુટુંબને ગરીબ બનાવ્યું. મારા કુટુંબમાં હું પ્રથમ સંતાન છું. મારાથી નાનો એક ભાઈ છે. મારા પિતાજી પણ ચિંતા અને સખત પરિશ્રમના કારણે ક્ષય રોગના ભોગ બન્યા, અને મારા કુટુંબની દશા બગડી. તેમ છતાં મારા પિતાજીએ મને ભણાવાનો દૃઢ સંકલ્પ કર્યો હતો.

અપંગ થયા પછી મારૂં પ્રાથમિક શિક્ષણ ગામમાં થયું. ધોરણ-૪ સુધીનું શિક્ષણ વતનમાં લીધા પછી ધોરણ-૫ થી સદવિચાર પરિવાર વિકલાંગ પુનર્વાસ કેન્દ્ર, ઉવારસદ તા.જી. ગાંધીનગર ખાતે દાખલ કરવામાં આવ્યો હતો. અહીંયા આવીને બીજા અપંગોને જોયા, તેમને રમતા-ભણતા જોઈ હું મારી અપંગતા વિસરતો ગયો. અહીંનું કુદરતી વાતાવરણ, શિક્ષકો અને ટ્રસ્ટીઓની પ્રેમભરી નજરોએ મને મંત્રમુગ્ધ કર્યો. અહીંયા શિક્ષણની સાથે-સાથે આત્મવિશ્વાસ, આત્મશ્રધ્ધા વધે એવા સુંદર કાર્યક્રમોનું આયોજન થતું, તેમાં હું દરેક પ્રવૃત્તિઓમાં ભાગ લેતો. વર્ગમાં મોનીટરથી માંડી છાત્રાલયમાં ભોજનમંત્રી, પ્રાર્થનામંત્રી, સફાઈમંત્રી જેવા પદો પર રહી સરસ કામનું આયોજન કરવામાં મેં હિસ્સો આપેલો. અમે ત્રણ મિત્રોએ નવરાત્રિના પર્વમાં વિકલાંગો ભાગ લઈ તેમની લઘુતાગ્રંથિમાંથી બહાર આવી, ઉત્સાહપૂર્વક સામેલ થાય તે હેતુથી ''નવરાત્રિ મિત્ર મંડળ'' ની સ્થાપના કરેલી. સંસ્થાએ અને અન્ય સંસ્થાઓએ યોજેલા અપંગ કલ્યાણ માટેના કાર્યક્રમોમાં ભાગ લઈ વકૃત્વ, ચિત્રકામ, સામાન્ય જ્ઞાન, રમત-ગમતો વગેરે ક્ષેત્રે સારો દેખાવ કરી પ્રમાણપત્રો મેળવ્યા છે. ટેકનીકલ પરીક્ષા બોર્ડ તરફથી મેં પ્રિન્ટીંગ અને બુકબાઈડીંગ એમ બે કોર્ષ કરેલા છે. ધોરણ-૧૨ સુધી હું આ સંસ્થામાં જ રહ્યો હતો.

મારા કુટુંબની આર્થિક પરિસ્થિતિ નબળી હોવાથી મને ઉચ્ચ શિક્ષણ લેવાની તકો હોવા છતાં , અભ્યાસ કરી શક્યો નહિ. મારે પગભર થવાની જરૂર ઉભી થઈ, તેથી મેં સર્વોદય આશ્રમ,માઢીના સ્થાપકશ્રી રામુભાઈ પટેલનો સંપર્ક કર્યો. તેઓશ્રીએ મને પગભર (સ્વાવલંબી) બનાવવા માટે અંબર ચરખાની તાલીમમાં મૂક્યો. ત્રણ માસની તાલીમ લીધા પછી તેમને મને કેન્દ્ર સરકાર સંચાલિત વિકલાંગ પુનર્વાસ કેન્દ્ર, અમદાવાદ ખાતે સ્ટેનો-ટાઈસ્પીટના કોર્ષમાં દાખલ કર્યો. અહીંયા મને સ્વાવલંબનનો પાઠ મળ્યો. આ કોર્ષ પૂરો કરી સર્વોદય આશ્રમ, માઢીના મુખ્ય કાર્યાલયમાં હિસાબી કામકાજની છ માસની તાલીમ પૂરી કર્યા પછી મને મુખ્ય કાર્યાલયમાં ક્લાર્કની જગ્યાએ નિમણૂંક આપી. અત્યારે કોમ્પ્યુટરની તાલીમ લઈ, કોમ્પ્યુટર,સ્ટેનો અને હિસાબી કામકાજ સંભાળું છું. મારી આ કામગીરીથી પ્રભાવિત થઈ ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગ, ગાંધીનગર દ્વારા શ્રેષ્ઠ અપંગ કર્મચારી તરીકેનું પારિતોષિક સને - ૧૯૯૭માં મહા મહિમ રાજ્યપાલશ્રીના હસ્તે આપવામાં આવ્યું હતું. મારી માતૃસંસ્થા સદ્‌વિચાર પરિવાર વિકલાંગ પુનર્વાસ કેન્દ્ર, ઉવારસદ તા.જી. ગાંધીનગર તથા વિકલાંગોની ખ્યાતનામ સંસ્થા ધી સોસાયટી ફોર ફીઝીકલી હેન્ડીકેપ્ડ, અમદાવાદે પણ આ સમય દરમ્યાન મારૂં સન્માન કર્યું હતું.